ગુજરાત રાજકીય મંડળ

અમદાવાદ

મૂલ્ય. ૦—૦—૬.

ગુજ.

ગુજરાતના ા

ન્હાનાં મ્હોટાં

રાતીઓની વચ્ચે

ાચી આંતીય એકતાનું

ા હળીમળીને માતૃભૂમિની

ગુજરાતીઓ અનેક અગવડો

રમાં રહ્યા. ત્યાં પણ તેમણે પોતાનું

પ્રાંતો સાથે સવારનાં ભજન-કીર્ત્તનોમાં

નાં વ્યાખ્યાનોમાં, ચર્ચાઓમાં ખૂબ ભા.

હાસભાના સાર રૂપ તેનું નવું ધ્યેય અને તેમાં પસાર

કારનો ઠરાવ આટલાં વહેલાં પ્રકટ થાય છે તે પણ આ

ના ઉત્સાહને લીધેજ. કારણ કે નાગપુરથી સ્પેશીઅલ ગાડીમાં

ાવતાં મહાસભાનો સંદેશો ગુજરાતની પ્રજાને પહોંચાડવાને કેટલાક

ગૃહસ્થોએ નાણું ભેગાં કર્યાં તેથી આ પત્રિકા બહાર પાડવાનું

થયું છે.

મહાત્મા ગાંધીજીએ તા. ૯-૧-૨૧ ના નવજીવનમાં કૉન્ગ્રેસ વિષે

ખ લખ્યો છે તેજ આ પત્રિકામાં પહેલો છાપવામાં આવ્યો છે.

કૉન્ગ્રેસના સમગ્ર કાર્યનો સાર તારવવામાં આવ્યો છે. તે વાંચવાથી

ા ભાગ સ્હેલાઇથી સમજાશે.

અમદાવાદ
તા. ૧૦-૧-૨૧

ઇન્દુલાલ કનયાલાલ યાજ્ઞિક.

કૉંગ્રેસ

મહાસભાએ શું કર્યું ? આપણે શું કરવું જોઇએ ? અમદાવાદે શું કરવું જોઇએ ? આ ત્રણ પ્રશ્નો દરેક જણના મનમાં ઉઠવા જોઇએ. મહાસભાએ આપણને નવું બંધારણ આપ્યું, શાંતિમય અસહકારનો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો. આવડી જંગી કોંગ્રેસ કદી થઇ નથી. આટલી દઢતાથી કદી મહાસભાએ વિચાર કર્યો નથી. બંધારણમાં મહત્ત્વના ફેરફાર કર્યા છે. મહાસભાના ઉદ્દેશ ઉપર ખૂબ ચર્ચા ચાલીને છેવટે બે રાત અને એક દીવસ લગી વિચારો ચાલ્યા બાદ પ્રાંતપ્રાંતના મતો લેવાયા ને લગભગ સર્વાનુમતે ઉદ્દેશમાં થએલો ફેરફાર મંજૂર થયો.

નવો ઉદ્દેશ એ છે કે આપણે આપણા વિચાર પ્રમાણે સ્વરાજ મેળવવું. એ સ્વરાજ બ્રિટિશ સંબંધ રહે તો રાખીને અને જો સંતોષકારક ન હોય તો તોડીને મેળવવું એવો છે. જો સંબંધ રહે તો તે, મહાસભાનો ઉદ્દેશ સંપૂર્ણ રીતે ફળે એ રીતે જ રહી શકે. એટલે કે અંગ્રેજોએ પોતાનું ઉપરીપણું ભૂલી જવું જોઇએ. જ્યાં લગી મૂઠીમાં માય તેટલા અંગ્રેજ આપણા ઉપર રાજ્ય ચલાવી શકે છે, એમ માનીએ ત્યાં લગી અંગ્રેજી સંબંધ અસહ્ય હોવા જોઇએ. આવું સ્વરાજ મેળવવાનાં સાધનો પણ મહાસભાએ સૂચવ્યાં છે. શાંતિથી અને શુદ્ધતાથી આપણે સ્વરાજ મેળવવું છે એવો નિશ્ચય સભાએ કર્યો છે. જૂઠ, યુક્તિ, દંભ, ડોળ, ઇત્યાદિને અહિં જગાજ નથી. સાચો રસ્તો લેવો ને તે રસ્તે ચાલતા મારવું નહિ પણ મરવું. ' મરીને જીવવાનો મંત્ર ' શીખવો છે. એ મંત્રને અનુસરીનેજ જગત્ જીવે છે. બીજ મરે છે ત્યારેજ ધાન્ય પાકે છે. મા મરતાં લગી કષ્ટ ભોગવે છે ત્યારેજ બચ્ચું જીવે છે. યજ્ઞ વિના ખાવું તે ચોરીનું ધન છે. બલિદાનથીજ સ્વરાજ મળે અને એ બલિદાન, એ કુરબાની પવિત્ર—પાક હોય તોજ ઇશ્વરને ભાવે.

બીજો મહત્ત્વનો ફેરફાર એ છે કે આજ સુધી ગમે તે ને ગમે તેટલા માણસો મહાસભાના પ્રતિનિધિ બની શકતા હતા તે હવે નહિ બની શકે, પણ માત્ર હિંદુસ્તાનની વસ્તીના દર એક લાખે બે જણ પ્રતિનિધિ બની શકે; એટલે કે આખા દેશમાંથી લગભગ ૭ હજારથી વધારે પ્રતિનિધિ

નહિ બની શકે. મારા વિચાર પ્રમાણે તો આ સંખ્યા પણ વધારે પડતી છે. આમાંથી ખરાબ પરિણામ તો એ અવશ્ય આવવાનું કે જ્યાં મહાસભા ભરાય ત્યાંની તો પૂરી સંખ્યા આવી શકે; પણ દૂરના પ્રાંતોવાળાને ઘણા પ્રતિનિધિઓ મોકલવા એ મુશ્કેલીની વાત છે. આમ છતાં હદ બંધાઇ છે એટલી સગવડ તો છે જ. ચુંટણી કરવાની ઢબમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. હવેથી લાખો માણસોની પસંદગીથી જ પ્રતિનિધિઓ ચુંટાશે, ને તેમાં મુસલમાન, સ્ત્રીઓ, અંત્યજો ઇ૦ આજલગી ભાગ નથી લેતા આવ્યા તેઓને ભાગ લેતા કરવાને સારૂ જે ઉપાયો યોજવા જોઇએ તે યોજવા એ બંધન પણ મૂકવામાં આવ્યું છે. મહાસભાના કોઇ પણ મંડળમાં જોડાવા ઇચ્છનાર માણસને ચાર આનાની ફી આપીને અને મહાસભાના ધ્યેયને કબૂલ કરીને દાખલ થવાનો હક્ક આપવામાં આવ્યો છે. દરેક પક્ષના માણસો દાખલ થઇ શકે એવા હેતુથી પ્રત્યેકને એકજ મત આપવાનો અને તે મત એકને જરૂર ન હોય તો બીજાને મળી શકે એવી ગોઠવણ-વાળી રીતથી આપવાનું ઠરાવવામાં આવ્યું છે. પ્રાંતોના વિભાગ પણ ભાષા પ્રમાણે પાડવામાં આવ્યા છે. આ બંધારણ પ્રમાણે વર્તી દરેક પ્રાંતમાં કામ લેવામાં આવે તો તેટલાથીજ આપણે બહુ આગળ વધી શકીએ તેમ છે; કેમકે આપણામાં સંઘશક્તિ અને યોજનાશક્તિ ખીલે એટલે સ્વરાજ મળ્યુંજ જાણવું. તેને સારૂ પ્રજાના એકેએક વર્ગમાં રાષ્ટ્રીય ભાવના પેદા કરવાની મુખ્ય ફરજ છે.

હવે શાંતિમય અસહકારના ઠરાવથી કલકત્તાની ખાસ મહાસભાનો ઠરાવ કાયમ રહ્યો છે અને તેમાં કેટલાક વધારા કરવામાં આવ્યા છે. એ ઠરાવને પસંદ કરનારે નીચે પ્રમાણે કરવાની તેની ફરજ થઇ ચૂકી છે.

(૧) ખિતાબવાળાએ ખિતાબ છોડવા.

(૨) માબાપે પોતાનાં છોકરાંને સરકારની સત્તા તળે ચાલતી નિશાળોમાંથી ઉઠાડી લેવાં ને તેઓને સારૂ કંઇક પણ ગોઠવણી પોતાના ઘરમાંજ કે રાષ્ટ્રીય શાળામાં કરી લેવી.

(૩) સોળ વર્ષની ઉમ્મરના વિદ્યાર્થીને જો ખાત્રી થઇ હોય કે જે સત્તાને સુધારવાનો અથવા તેનો નાશ કરવાનો પ્રજાએ નિશ્ચય કર્યો છે તે સત્તાની અસર નીચે ભણવું એ પાપ છે, તો તેણે તુરત નિશાળ છોડી પોતાનો બંદોબસ્ત ગમે તે રીતે કરી લેવો.

(૪) વકીલે વકીલાત બનતી ઉતાવળે છોડી દેવી ને પ્રજાની સેવામાં ગુંથાઇ જવું.

(૫) વેપારીએ પરદેશી વેપાર ને પરદેશી સંબંધ જેમ બને તેમ વેળાસર છોડવાં ને હાથે કાંતવા તથા વણવાના કામને ઉત્તેજન આપવું.

(૬) ધારાસભાના સભ્યો જેઓ મતદારોના વિરોધ છતાં ચુંટાયા છે, તેઓએ રાજીનામું આપવું ને જેઓ પ્રજામત વિરૂદ્ધ છતા રાજીનામું ન આપે તેઓની પાસેથી મતદારોએ કંઈ પણ રાજ્યપ્રકરણી કામ ન લેવું.

(૭) સિપાઇઓએ અને બીજા સરકારી નોકરોએ કોમની તરફ નમ્રતા, માયા ને સચ્ચાઇ વાપરવાં, રાજકીય સભાઓમાં જવુ પણ તેમાં ભાષણો વિ. ન કરવાં, ને સ્વરાજની ચળવળમાં જાહેર રીતે નાણાં ભરવાં.

(૮) સિપાઇઓએ પોતાની નોકરીને પોતાના ધર્મ અથવા દેશ કરતાં વધારે ન ગણવી ને પોતે કોમ તરફની લાગણી વિનાના ભાડુતી નોકરો છે એ આરોપને પોતાના સદ્વર્તનથી કાઢવો.

(૯) દરેક સ્ત્રી-પુરૂષે પોતાથી જેટલો બને તેટલો સ્વાર્થત્યાગ કરવો.

(૧૦) સૌએ સમજવું કે શાંતિમાંજ આપણી જીત રહેલી છે. અને તે શાંત માત્ર સરકારની સાથે જાળવવી એટલુંજ નહિ પણ આપણે એક બીજાની વચ્ચ પણ જાળવવી. શાંતિ જાળવવી એટલે મારપીટ ન કરવી એટલુંજ નહિ પણ ગાળો પણ ન દેવી.

(૧૧) સૌએ હિંદુ-મુસલમાન એકતામાં વધારો કરવો ને તેજ પ્રમાણે હિંદમાં એક બીજાની વચ્ચેની કડવાશ દૂર કરવી, બ્રાહ્મણ ને બ્રાહ્મણેતરનો ઝગડો મટાડવો ને અસ્પૃશ્યતાના પાપનો નાશ કરવો.

આટલું આપણે એક વર્ષની અંદર કરી શકીએ તો એક વર્ષની અંદર સ્વરાજ મળે. ને મોડું કરીએ તો મોડું મળે.

આપણું કર્તવ્ય ચોખ્ખું છે. આપણે દરેકે પોતાની શક્તિ પ્રમાણે બલિદાન આપી જ દેવું ને બીજા આપે તેમ કરવા સારૂ તુરત નવા ધોરણ પ્રમાણે સભાઓ કરવી. હવે પછીની કોંગ્રેસમાં એવો એક પણ પ્રતિનિધિ ન હોવો જોઇએ કે જેનાં છોકરાં સરકારી નિશાળમાં જતાં હોય, જે પોતે વકીલાત ચલાવતો હોય અથવા જેણે પોતે પોતાને લાગૂ પડતી હોય

એવી કોઇ કલમનું પાલન ન કર્યું હોય. એટલે દરેક પ્રતિનિધિ—પછી તે સ્ત્રી હોય કે પુરૂષ—ના શરીર ઉપર કેવળ હાથે કાંતેલ સુતરનાં હાથે વણેલાં કપડાંજ હોવાં જોઇયે. આવા છ હજાર પ્રતિનિધિ ને બીજા કામદારો હોય ત્યારની આપણી સ્થિતિનો અર્થ સમજવો મુશ્કેલ નથી.

અમદાવાદે આવતી મહાસભાને આમંત્રણ કર્યું છે; એટલે અમદાવાદે નવા બંધારણને સફળ કરવાની પ્રતિજ્ઞા લીધી ગણાય. અમદાવાદે જેમ ભારે માન વ્હોર્યું છે તેમજ જોખમ વ્હોર્યું છે. અમદાવાદનું માન તે ગુજરાતનું છે, અને ગુજરાતનું તે હિંદનું છે. આપણે તૈયારીઓ આજથી કરશું ત્યારેજ પૂરી તૈયારી કરી શકશું. શું કરવું જોઇએ તે હવે પછી વિચારશું.

મોહનદાસ કરમચંદ ગાંધી

મહાસભાનું ધ્યેય.

નાગપુરમાં મળેલી રાષ્ટ્રીય મહાસભાની ૩૫મી બેઠકમાં તેના બંધારણ-ની ૧ લી કલમમાં તેનું ધ્યેય નીચે મુજબ મુકરર કરવામાં આવ્યું છેઃ—

"હિંદુસ્તાનની પ્રજાએ શુદ્ધ અને શાંતિમય માર્ગે સ્વરાજ મેળવવું એ મહાસભાનું ધ્યેય છે."*

મહાસભાના આ ધ્યેય વિષેનો ઠરાવ રજુ કરતાં મહાત્મા ગાંધીજીએ હિંદી તથા અંગ્રેજીમાં જે ભાષણ કર્યું હતું તેનો સારાંશ નીચે પ્રમાણે છેઃ-

"આ ઠરાવનો અર્થ એ છે કે આ રાષ્ટ્રીય સભાનો હેતુ સ્વરાજ મળે એવો છે અને એ સ્વરાજ લેવાને વાસ્તે ઉપાય એકજ છે, તે એ કે આપણાં સાધનો ન્યાયી, નિર્મળ અને શાંતિમય હોય. સ્વરાજ વ્હેલામાં વ્હેલું મળવું જોઇએ, આજે મળતુ હોય તો આજે જ લેવુ જોઇએ એમ કોન્ગ્રેસ માને છે.

સ્વરાજ મેળવવાને માટે શું કરવું જોઇએ તે પણ આ ઠરાવમાં કોન્ગ્રેસ બતાવે છે. ઠરાવમાં લખ્યું છે કે સ્વરાજ આપણે તલ્વારથી નથી મેળવવું; સ્વાધીનતાને આપણે જુઠથી કે સચ્ચાઇને છોડીને નથી લેવી. પણ જેવો આપણો હેતુ નિર્મળ છે તેવાં આપણા સાધન પણ નિર્મળ હોવાં જોઇએ. એટલે આ ઠરાવનો અર્થ એ છે કે આપણે સ્વરાજ લેવાનો દૃઢ નિશ્ચય કરવો અને તે મેળવવામાં ન્યાય, સચ્ચાઇ અને શાંતિનો રસ્તો લેવો.

---

* મહાસભાના જુના બંધારણમાં તેનું ધ્યેય નીચે પ્રમાણે હતુંઃ—

"બ્રીટીશ સામ્રાજ્યના સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનોના જેવું રાજ-બંધારણ હિંદુસ્તાનની પ્રજાએ મેળવવું અને તે સામ્રાજ્યના હક્ક અને જવાબદારીઓમાં તે સંસ્થાનોના સમાન ભાગીદાર થવું એ મહાસભાનું ધ્યેય છે. ચાલુ રાજ્યતંત્રમાં ક્રમે ક્રમે કાયદેસર સુધારો કરાવીને, રાષ્ટ્રીય એકતા જગાવીને, જાહેરજીવનને પોષીને દેશનું બુદ્ધિબળ, નીતિબળ તેમજ આર્થિક અને ઔદ્યોગિક સંપત્તિ ખીલવીને અને વ્યવસ્થિત કરીને આ ધ્યેય સાધવું."

હું મારૂં સુભાગ્ય સમજું છું કે આવો મહત્ત્વનો ઠરાવ આ મહાસભાની આગળ રજુ કરવાનો મને પ્રસંગ મળ્યો છે. આપને હું જણાવીશ કે આજસુધીનો કોંગ્રેસનો હેતુ એવો હતો કે જેવું બ્રિટિશ સામ્રાજ્યમાં સંસ્થાનો જવાબદારી રાજ્યતંત્ર ભોગવી રહ્યાં છે, જેને Responsible Colonial Government કહે છે તેવું રાજ્યતંત્ર એ સામ્રાજ્યમાં રહીને જ આપણે લેવા ચાહીએ છીએ, અને એ મેળવવું તે કાયદા પ્રમાણે. કાયદો એટલે બ્રિટિશ સલ્તનતનો કાયદો. બ્રિટિશ સરકાર ખિલાફતના પ્રશ્નનો સંતોષકારક નિવેડો ન આણે, કે પંજાબના અત્યાચારોમાં ન્યાય તો બાજુએ રહ્યો પણ પોતાની ભૂલ સુદ્ધાં કબુલ કરે નહિ તો પણ તેવી સરકારના કાયદાને માન આપીને, જો આપણે કોંગ્રેસમાં રહેવું હોય તો, આપણાથી એ સલ્તનતને મિટાવી ન શકાય, એવો આજસુધીના બંધારણનો અર્થ હતો. આટલો ઘોર અન્યાય સલ્તનત કરે અને તેને દુરસ્ત ન કરે તોયે તેની બરદાસ્ત કરી લેવાનું હિંદુથી કે મુસલમાનથી હવે બની શકે તેમ નથી, તેથી આ ઠરાવથી આપણે એકરાર કરીએ છીએ કે આપણે સ્વરાજ જોઇએ છે. સ્વરાજ લઇને જ આપણે પંજાબ અને ખિલાફતના અત્યાચારોમાં ઇન્સાફ મેળવી શકીશું.

પણ સ્વરાજ લેવામાં હું પશ્ચિમના સાધનો લેવા નથી માગતો. હું જાણું છું કે હિંદુઓ કે મુસલમાનો આજે એમ નથી કહેતા કે અમે અમારી સ્વાધીનતાને માટે કોઈ દિવસ તલવાર નહિ ચલાવીએ. પણ આટલું તો સહુ સમજે છે કે તલવારથી આજે આપણે જોઇએ છે તે નથી મેળવી શકવાના; અને તેથી તો આપણે તર્કે મવાલત અથવા અસહકાર ચલાવી રહ્યા છીએ. તલવાર વડે આપણે આપણને પોતાને, આપણા ધર્મને કે સલ્તનતને કે કોઇને યે બચાવી શકનાર નથી. તમે સહુ આ મારૂં કહેવું કબૂલ કરતા હો તો જે પ્રસ્તાવ મેં તમારી સમક્ષ મૂક્યો છે તેનો કોઇ વિરોધ કરશો નહિ.

હું જાણું છું કે આપણા ડાહ્યા પુરૂષોમાં બે પક્ષો છે. તેમાં એક પક્ષમાં મારા વડીલ બંધુ માનનીય પંડિત માલવીઆજી છે. પંડિતજીને આજે તાવ અને શરદી થવાથી અહીં તમારી પાસે તેમનો અભિપ્રાય આપવાને આવી નથી શક્યા તેથી તેમની મતલબ હું તમને ટુંકામાં કહી જઇશ. તમે જાણો છો કે પંડિતજીના જેવી દેશની સેવા કરનાર ઘણા નથી હોતા. તેમના જેવી સેવા કરનારનું કહેવું માન્ય ન હોય તોપણ

શાંતિથી અને અદબથી સાંભળી લેવું જોઈએ. તેઓ કહે છે કે બ્રિટિશ સલ્તનતને મિટાવવાની વાત કરવી એ [illegible] તાકાતની બહાર છે જે હિંદ બેહથિયાર છે, કમતાકાત છે તે આવી જબરી સલ્તનતને [illegible] રીતે મિટાવી શકવાની? તેઓ કહે છે કે પોતાની તાકાત બહારનું સમજાવીને લોકોને [illegible] ન જોઈએ. જે એવા લોકોને તેમની તાકાતના હદબહાર લઈ જાય તે મૂર્ખ છે. તેમના કહેવા પ્રમાણે [illegible] ના તાકાત-બહાર હોય તો તેમની સલાહ હું કબૂલ [illegible] આ બાબતમાં હું તેમના મતથી વિરુદ્ધ મત ધરાવું છું. હું [illegible] એક સ્ત્રી અને પુરુષની અંદર [illegible] શક્તિ રહેલી છે. જ્યાં [illegible] શરીરમાં આત્મા છે એવો વિશ્વાસ આપણા [illegible] ત્યાં સુધી આપણે સ્વરાજને લાયક છીએ એમ માનું છું—તેત્રીસ કોટિ હિંદુ મુસલમાનો બન્ને ધર્મચુસ્ત છે, ખુદાનું નામ લેનારા છે, ઈશ્વરને નામે મરવું જાણનારા છે. એક ગાયની કતલ ઉપર એક હજાર હિંદુઓ ખૂન લેવાને અને પોતાનું ખૂન રેડવાને તૈયાર છે. એક મુસલમાનના અપમાન ખાતર અનેક મુસલમાનો પોતાનાં ખૂન આપવાને અને ખૂન લેવાને તૈયાર છે. જ્યાં સુધી આવા હિંદુઓ અને આવા મુસલમાનો હિંદુસ્તાનમાં હયાત છે ત્યાં સુધી હું કદી નહિ કહું કે હિંદુસ્તાનને માટે સ્વરાજ લેવું અશક્ય છે, ત્યાં સુધી સ્વરાજના આપણા આ આદર્શને હું દૂર ન રાખવા દઉં.

આ સલ્તનતે એટલા બધા અત્યાચારો કર્યા છે કે તેના ઝંડા નીચે રહેવું એ ઈશ્વરની બેવફાઈ કરવા બરોબર છે. માટે મારી તમને સહુને નમ્ર પ્રાર્થના છે કે તમે આ ઠરાવને પસંદ કરજો.

આપણામાંથી જેમને એમ લાગતું હશે કે આપણે અશક્ત છીએ, શક્તિથી સ્વરાજ્ય લઈ શકાય એમ નથી તેમને પણ આ ધ્યેય કબૂલ હોવું જોઈએ, કારણ કે આપણે શાંતિથી, સચ્ચાઈને ન છોડીને જ સ્વરાજ મેળવવું છે. આથી આપણે આદર્શને મોટામાં મોટો રાખી શકીએ છીએ.

જેમના દિલમાં એવો સંશય હશે કે આ સલ્તનત કેમ નહિ સમજી જાય? આવી સલ્તનત પણ છેવટે સમજી જશે અને ન્યાય આપશે. કાઉન્સીલોમાં જઈને તેમને સમજાવી શકશું. એવા મતના લોકોને માટે પણ આ ઠરાવથી કોંગ્રેસમાં સ્થાન રાખેલું છે.

આપણે સલ્તનતને દંડ દેવા નથી માગતા. અંગ્રેજી સલ્તનતને મિટાવીને જ સ્વરાજ મેળવવું એમ આમાં નથી. એજ સલ્તનત જો આપણને ન્યાય દેવા તૈયાર હોય, અધિકાર દેવા તૈયાર હોય તો આપણે તેની અંદર રહેવાને તૈયાર છીએ. આને હું ન્યાયપંથ કહું છું. એ પંથે જતાં આપણને બાધા કે વિઘ્ન નથી.

માટે હું તમને કહું છું કે જો તમને આ ઠરાવ કબૂલ હોય, આપણે સ્વરાજ લેવું છે અને તે આ ઠરાવમાં કહ્યું છે તેવા ઢંગથી લેવુ છે એ તમને કબૂલ હોય તો તમે દિલમાં દૃઢ પ્રતિજ્ઞા કરો. કેવળ ઠરાવ પસાર કરી દીધા એટલે કામ ખતમ નથી થતું તમે પ્રતિજ્ઞા કરશો તો સ્વરાજ જરૂર મેળવશો, પંજાબના જુલમોને અને ખિલાફતના અન્યાયને દુરસ્ત કરી શકશો.

તમને એમ કહેનારા વકતા પણ આવશે કે આપણા ઉદ્દેશને હાંસલ કરવાને ફાવે તેવાં સાધનો વાપરી શકીએ. આનો જવાબ પ્રસંગ આવશે તે વખતે હું આપીશ. અત્યારે તો હું એ લુંજ કહીશ કે કૉંગ્રેસનો આપણે આદર્શ ઠરાવીએ તો તે આજનો સભા જેવાને જ ઠરાવવો જોઈએ. મારે પોતાને માટે તો એજ ધર્મ છે કે હિંસા કરીને મારે સ્વરાજ મળતું હોય તો તે નથી જોઈતું, મોક્ષ મળતો હોય તો તે પણ નથી જોઈતો, ઈશ્વરની ભક્તિ પણ હિંસા કરીને થતી હોય તો મારે તેવી ભક્તિ નથી જોઈતી. તમારે માટે આજે આ ઠરાવમાં બતાવ્યાં છે તેવાં શાંતિનાં અને સન્યાયનાં સાધનો જ યોગ્ય છે. તેવાં સાધનોથીજ તમારાંપર થએલા અન્યાયોને તમે દુરસ્ત કરી શકશો.

હું તમને હવે વધારે કંઇ નથી કહેવા ઇચ્છતો. આજ હિંદુસ્તાનમાં ચોમેર કેટલી જાગૃતિ થએલી છે તે હું પીછાનું છું અને તેથી માનું છું કે તમને કંઇ વધારે સંભળાવવાની જરૂર નથી.

મારું વિવેચન પુરૂં કરતાં પહેલાં હું તમારી સમક્ષ એક આદર્શ પાઠ વણવવા ઇચ્છુંછું. કાલે બંગાલ કૅંપમાં થોડો ઝગડો થયો હતો. તે સાંભળીને મને દુઃખ થયું. સ્વતંત્રતા કઇ રીતે મેળવાય તે બતાવું એમ જાણીને

હું ત્યાં ગયો. અદબની સાથે મારે કહેવું હતું તે એ ભાઈઓને કહ્યું. મેં 1
તેમને કહ્યું કે તમારામાંથી કયો પક્ષ ન્યાયી છે અને કયા પક્ષની ભૂલ છે એ હું નહિ કહી શકું, પણ જો તમે તમારા અણબનાવને દુરસ્ત કરાવી લેવા ઇચ્છતા હો, હિંદુસ્તાનને માટે સ્વરાજ લેવા માગતા હો, દિલ સાફ અને નિર્મળ કરવા માગતા હો તો તમે બધી વાત ભૂલી જાઓ. તમારી બધી તકરાર તમે અહીંજ દફનાવીને ઉઠો અને એ બન્ને પક્ષો સમજી ગયા. સ્વરાજ જોઈતું હોય તો પોતાના ભાઈએ ઇજા કરી હોય કે માથું ફોડ્યું હોય તોયે આપણું સરકાર પાસે નથી જવું, અધ્યક્ષ પાસે પણ શું કામ જવું પડે? મને કોઈ લાકડી મારે તો હું તેને સલામ નમન કરું. તેને જીતવાનો એજ અવસર છે. તેમ ન બનાએ તો આપણાથી કંઈ નહિ બને. જો તમે દૃઢ હો, બહાદુર હો, જો સ્વરાજ મેળવવાનો તમારો નિશ્ચયજ હોય અને જો તમારે ખરેખર કોંગ્રેસના ધ્યેયમાં ફેરફાર કરવો હોય, તો તમારે તમારા ગુસ્સા શમાવી દેવા પડશે. ગેરઇનસાફની કંઈ પણ લાગણી તમારા હૃદયને કોતરી ખાતી હોય તો તેને તમારે દબાવી દેવી પડશે અને આ બધું ભૂલી જવું પડશે. બંગાળી ભાઈઓ અને અન્ય સર્વ જે આ મહાન પરિષદમાં દૃઢ નિશ્ચય કરીને આવેલા છે તેમના પાસેથી હું એજ માગી લઉંછું કે તમારા દેશને સુદૃઢ બનાવવા સિવાયની બાજી કોઈ બાબત પાછળ પ્રયત્ન ન કરતા, તમારા પોતપોતાના હક્ક આગળ વધારવા વિષેની કોઈ વાતની ચિંતા ન કરતા, તમારા દેશના સ્વમાનની રક્ષા સિવાયની કોઈ બાબત પર ધ્યાન ન આપતા. જેમના મન ગઈ કાલે દુખાયાં અને જેમના પોતાના માથા ફૂટી ગએલા લાગ્યા તેવાઓના દૃષ્ટાન્તનું અનુકરણ કરવાની હું તમારામાંના દરેકને સલાહ આપું છું. (હર્ષના પોકાર.) કોંગ્રેસની ખાસ બેઠકમાં આપણે જે મહાન યુદ્ધમાં ઉતર્યા છીએ તે વિગ્રહ પૂરો થઈ રહે તે પહેલાં આપણને કદાચ લોહીનો સમુદ્ર તરવો પડશે. આ વાતનું મને ભાન છે, પણ આપણા પર કે આપણામાંના કોઈના પર ખૂન રેડ્યાનો આરોપ ન આવવો જોઈએ. ભાવિષ્યની પ્રજા પાસે આપણે કહેવડાવવું જોઈએ કે આપણે સહન કર્યું છે; આપણે પારકાના નહિ પણ પોતાના જાનની કુરબાની કરી છે અને તેથી હું જરાએ આંચકો ખાધા-વગર કહું છું કે જેમના માથાં ફુટ્યાં અને જેમની જીંદગીઓ જોખમમાં આવી પડી કહેવાઈ છે તેવાને માટે હું બહુ સહાનુભૂતિ દર્શાવવા નથી માગતો. આમ થવાથી ગયું શું? પોતાના દેશી ભાઈઓને હાથે મરવું એ તો બહેતર છે. આપણે શાને માટે અને કોના પર વેર લેવાનું રહ્યું?

ડિટેકટીવ કે સરકારનો કોઈપણ અમલદાર મને મારી લે તોયે હું તેની સામે સરકારની પાસે ફરીયાદ નહિ કરૂં, પણ ઈશ્વર પાસે ફરીયાદ કરૂં. અંદર અંદર આપણે સહકાર પૂરો નહિ કરીએ ત્યાં સુધી સ્વતંત્રતા નહિ મળે. બંગાળી ભાઈઓએ દંગો કર્યો પણ તેઓ સમજી ગયા કે તરત સાવધાન થઈ ગયા. જેઓ હિંસાને ધર્મ સમજે છે તેમને હું કંઈ નથી કહેવા માગતો, પણ જેઓ પોતાને અસહકારવાદી ગણાવે છે તેમને હું જરૂર દબાવીને કહી શકું. તેમણે ગુસ્સો નહિ કરવાનો એકરાર કર્યો છે. હું બંગાળના ડેલીગેટ ભાઈઓને આ પ્રસંગે મુબારકબાદી આપું છું. તમે સહુ તેમની પેઠેજ વર્તશો તો, મને રજ માત્ર શંકા નથી કે તમે સ્વરાજ મેળવી શકશો. તમને મારનારને તમે માફી આપો તે નામર્દાઈથી નહિં આપો. મને કોઈ મારે તો હું તેને નામર્દાઈથી બરદાસ્ત નહિ કરી લઉં. હું જાણું છું કે તે ખરેખરો નામર્દ છે. તેની દયા ખાઈને મારાપર અત્યાચાર કરનારને પણ હું માફી આપી દઉં એમાં બહાદુરી છે. આ ઠરાવ તમારી પાસે મુકતી વેળાએ આ પદાર્થ પાઠ હું તમારી સામે મુકું છું.

સાથે સાથેજ હું તમારી પાસેથી દુનિઆમાં કશાથી ન ચળી શકે એવી શ્રદ્ધા અને નિશ્ચયની પણ આશા રાખું છું. હું જાણું છું કે તમારો નિશ્ચય જેમ બને તેમ વહેલું સ્વરાજ્ય મેળવવાનો છે અને તમારી ઇચ્છા એ સ્વરાજ કાયદેસર, ખાનદાનીભર્યા, અહિંસાત્મક અને શાન્ત સાધનોથીજ મેળવવાનો છે. હથિયારથી આપણે સરકારનો મુકાબલો કરી શકીએ એમ નથી; પણ જેને હું આત્મબળ કહી રહ્યો છું તેનાથી આપણે સરકારની સામે ઝુઝી શકીએ એમ છીએ. આ આત્મબળ કોઈ એકજ માણસનો—પછી તે સન્યાસી હોય કે કહેવાતો મહાત્મા હોય—અધિકારની વાત નથી. આત્મબળ સ્ત્રી કે પુરૂષ સર્વ મનુષ્યના અધિકારની વાત છે અને તેથી *તમારામાંના જે આ ઠરાવને સ્વીકારવા માગતા હોય તો તમને હું કહું છું કે તેઓ દૃઢ નિશ્ચયથી સ્વીકારે અને સમજી લે કે મેં ઉપર વર્ણવી તેવી શુભ પળમાં તે સ્વીકાર્યો છે. પ્રભુ તમારી પાસે આ ઠરાવ સર્વાનુમતે સ્વીકારાવે અને તમારામાં એક વર્ષની અંદર *આ ઠરાવને પાર પાડવા જેટલાં ધૈર્ય અને બળ પ્રેરે.”

લાલા લજપતરાયનો ટેકો.

—*—

ગાંધીજીના ઠરાવને ટેકો આપતા લાલા લજપતરાય ઉભા થયા, તેમણે અંગ્રેજીમાં નીચે મુજબ જણાવ્યું :—

"આ ઠરાવને અત્યારના પ્રસંગને માટેજ નહિ પણ દેશના ભવિષ્યની દષ્ટિએ પણ હું અત્યંત મહત્વનો ગણું છું. કોંગ્રેસનુ જે ધ્યેય આપણે અત્યારે બદલવા માગીએ છીએ તેની પાછળ તેનો ઇતિહાસ રહેલો છે. સને ૧૯૦૭ના સુરતના ભગાણુ વિષે તો તમે જાણો છો. તે વખતે પડેલા મૉડરેટ અને નૅશનાલિસ્ટ એવા બે પક્ષોમાં મતભેદ એ હતો કે કેટલાક હિંદને સામ્રાજ્યની અંદર રાખી રહેવાને બદલે પૂર્ણ સ્વાતંત્ર્ય મેળવવાનુ કહેતા હતા. એ ધાસ્તીએ કોંગ્રેસમાં ભંગાણુ પડયુ અને સુરતમાજ મૉડરેટોએ 'કન્વેન્શન' બનાવ્યું. થોડા મહિના પછી અલાહાબાદમા કોંગ્રેસનુ નવુ બધારણ અને ધ્યેય ઠરાવવામાં આવ્યાં. કોંગ્રેસમાં ભાગ લેનાર દરેકે તે માન્ય કરવાંજ જોઇએ. હું તો તે વખતેજ આ બંધનની સામે થયો હતો. હું એમ નહોતો માનતો કે સંપૂર્ણ સ્વાતંત્ર્ય મેળવવાનાં અગર બ્રિટિશ સામ્રાજ્યમાથી હિંદને કહાડી લેવાના સાધન હિંદુસ્તાનની પાસે હતાં; પણ હું એટલાજ ખાતર સામે થએલો કે ગમે તેટલા ઉંચા આદર્શ વાળા કોઇપણ હિંદીને—દાખલા તરીકે શ્રી અરવિંદ ઘોષ જેવા પવિત્ર, નિર્મળ અને ઉચ્ચ નિષ્કામ દેશભક્તવાળા પુરૂષને—કોંગ્રેસ બહાર રાખવાનો આપણામાંના કોઇને અધિકાર હોઇ શકે નહિ. હું એમ પણ જાણતો હતો કે એવા ધ્યેયપર સહી કરવાને તે વેળાએ કેટલાક મિત્રો નાખુશ હતા. પણ લોકમત તે વેળાએ એટલી હદ સુધી જવાની તરફેણમાં નહોતો અને ધ્યેય મંજૂર થયુ. આ વાતને ૧૨–૧૩ વરસ વીત્યાં છે. આ મુદ્દત દરમ્યાન આપણા રાજદ્વારી જીવનમાં જે કંઇ વીત્યું છે તે જોતાં હવે ધ્યેયમાં ફેરફાર કર્યા વિના છુટકો નથી રહ્યો, એ વાત તદન સ્પષ્ટ છે. આજે મહાત્માજીએ જેવો ફેરફાર આપણને સુચવ્યો છે તેના કરતા બહુ સારો ફેરફાર ભાગ્યેજ હોઇ શકે. (સાંભળો, સાંભળો.) ખેલી ખાસ કોંગ્રેસમાં અસહકારનો ઠરાવ પસાર કર્યા પછી એ એકજ ધોરણ સ્વાભાવિક અને કુદરતી અનુસંધાન તરીકે કોંગ્રેસથી અખત્યાર કરી શકાય. અસહકારનો ઠરાવ પસાર કર્યા પછી કોંગ્રેસ આપણા તે ધ્યેય ઉપર સહી ન કરનારા એ

મિત્રોને બ્હાર રાખી શકેજ શી રીતે ? આનો અર્થ એમ નથી કે કોંગ્રેસ આજ ઘડીએથી બ્રિટિશ સંબંધ તોડી નાંખવા માગે છે. મને નથી લાગતું કે અહીં મળેલાઓમાંના ઘણા અથવા તો દેશમાંના પણ મ્હોટા ભાગના વિચારશીલ લોકો અત્યારે ને અત્યારે એવું પૂર્ણ સ્વાતંત્ર્ય મેળવવા અગર તો " ગમે તેમ થાઓ, પણ આ સામ્રાજ્યમાં અમે બ્રિટિશ પ્રજાના સંઘમાં રહેવા ઘડીવાર પણ તૈયાર નથી." એમ કહેવા આજે તૈયાર હોય. પણ દેશના મનમાં જે પલટો થઈ ચૂક્યો છે તે આપણે જાહેર ન કરીએ તો આપણા નિખાલસપણાને, આપણી પ્રમાણિકતાને, આપણી દેશભક્તિને અને સત્યવાદીપણાને ઝાંખપ આવે. આપણે અહીં આપણો અંગત મત નહિં પણ દેશનો લોકમત જાહેર કરવાને મળ્યાએ છીએ. (સાંભળો, સાંભળો).

બ્રિટિશ પ્રજાને ચેતવણી

આ ધ્યેયના ફેરફારથી બ્રિટિશ પ્રજાને તેમજ બ્રિટિશ સરકારને આપણે ચેતવણી આપીએ છીએ કે જોકે અત્યારે અમે બ્રિટિશ સામ્રાજ્ય અગર બ્રિટિશ પ્રજાસંઘથી છૂટા પડી જવા માગતા નથી, છતાં હવે અમે કોઈના આગ્રહથી અગર કોઈથી ડરીને તેમાં બિલકુલ રહેવાના નથી. (તાળીઓ) વિલાયતથી આવેલા મિત્રો અહીં હાજર છે. મ્હને તેમની પ્રત્યે બહુ માન છે. તેમને હું વિનતી કરૂં છું કે હિંદી પ્રજાનો આ સંદેશો તેઓ બ્રિટિશ પ્રજાને પહોંચાડે કે એક પ્રજા તરીકે તેમની જોડે વર્તવામાં અમારા મનમાં કશો અણુરાગ નથી. પણ જેમ અમારા મનમાં કશો અણુરાગ કે દુશ્મનાવટ નથી તેટલુંજ એ પણ સાચું છે કે બ્રિટિશ પ્રજાનો અમને હવે ઝાંટાભાર ઇતબાર નથી રહ્યો. એટલુંજ નહિ પણ બ્રિટિશ રાજદ્વારીઓ ઉપરનો અમારો બધોજ વિશ્વાસ સાફ ઉઠી ગયો છે. જે ઘડીએ પંજાબ પ્રકરણના સરકારી ખરીતા પર સહી કરીને સર માઇકેલ ઓડવાયર (શરમના પોકારો)નાં તેમાં કરેલાં વખાણને તેમણે સંમતિ આપી તેજ ક્ષણે બ્રિટિશ મુત્સદ્દી વર્ગે પોતાની પ્રતિષ્ઠાનું દેવાળું ફૂંક્યું છે. હજુ થોડાજ વખતપર ઉમરાવોની સભામાં લૉર્ડ સેલબૉર્ન, આજકાલ હિંદુસ્તાનમાં બ્રિટિશ વચનો પ્રત્યે અણવિશ્વાસ ફેલાવી રહેલા હિંદીઓ ઉપર ધુંવાંકુંઆં થયાના તાર મેં વાંચ્યા છે. તેમણે તો અલબત્ત ઇચ્છયું કે હિંદી સરકાર એ આરોપોને ખોટા સાબિત કરનારી સાચી ચળવળ ચલાવે. પણ હું તો મ્હારા દેશના મુગટરૂપ અહીં મળેલા આ ૨૦ હજાર લોકો સમક્ષ લૉર્ડ સેલબૉર્નને કહેવડાવું છું કે બ્રિટિશ વચનો અને

પ્રતિજ્ઞાઓમાં હવે અમને છાંટાભાર શ્રદ્ધા નથી (સાંભળો, સાંભળો.) હિંદના ઇતિહાસનાં પાનાં ફેરવી જોશે તો તેઓને બ્રિટિશ અમલ અથથી ને ઇતિ સુધી વચનો અને પ્રતિજ્ઞાભંગોનોજ ઇતિહાસ દેખાશે. શું અત્યારે અમારે જૂઠું બોલવાની શરૂઆત કરીને બ્રિટિશ પ્રતિજ્ઞાઓમાં શ્રદ્ધા રાખતાં શીખવાની નવી ભ્રમણામાં પડવું ? રે, પાછળનો બ્રિટિશ અમલ તો જવા દો, પણ હું તો હરકોઈને આહ્વાન કરું છું કે આજ સુધીમાં બ્રિટિશ અમલનો એક પણ દાયકો તો મ્હને એવો બતાવી આપે, જેમાં બાદશાહ અગર મહારાણીને નામે બ્રિટિશ સરકારે કરેલી પ્રતિજ્ઞાઓ અને પવિત્ર વચનોનો બ્રિટને ભંગ ન કર્યો હોય ! ભંગનો અર્થ વચનો પળાયાં નહિ એટલોજ નથી કરતો. એ વચનોને હમેશાં ઇરાદાપૂર્વક છાપરે ફગાવવામાં આવ્યાં છે. (શરમના પોકારો.) લૉર્ડ ડેલાઉઝીના વખતનાં વચનભંગો હું નથી વર્ણવતો, હું તો આજના કાળની વાત કહી રહ્યો છું. લૉર્ડ કર્ઝને મહારાણીના ઢંઢેરા જેવી ચીજને હસી કહાડતાં આંચકો ન ખાધો. લૉર્ડ કર્ઝન તે વખતે બ્રિટિશ મુત્સદી નહોતો, હિંદુસ્તાનનો વાઇસરૉય હતો; આજે બ્રિટિશ સામ્રાજ્યનો પરરાષ્ટ્રીય મંત્રી છે. ત્યાર પછી આવે છે આપણા લૉઇડ જ્યૉર્જ. (શરમના પોકારો) લૉર્ડ મેલબોર્ન અત્યારે અહીં હોત તો હું એમને પૂછત કે ચાલુ બ્રિટિશ પ્રધાનમંડળમાંથી એવો એક પણ માણસ તેઓ મ્હને બતાવી આપશે કે જેના શબ્દની એક બદામ કે કાળાઆના શબ્દથી વધુ કિંમત રહી હોય ! (હસાહસ) લૉઇડ જ્યૉર્જ એટલે તો આજે આખા બ્રિટિશ સામ્રાજ્યના શૌર્ય, ઉદારતા, દેશાભિમાન અને સામર્થ્યની મૂર્ત્તિ—પણ એણે હિંદી મુસલમાનોને કેવો દગો દીધો, કેવો વિશ્વાસઘાત અને વચનભંગ કીધો, અને એ બધાની ઉપરાંત વળી પોતે વચનભંગ કીધોજ નથી એવું કહી કેવું બેશરમીભર્યું જૂઠાણું ચલાવ્યે જાય છે એ જોવાપણું હવે કશું રહ્યુંજ ક્યાં છે ? ‘ રાજ્યપ્રકરણમાં વળી વચન શાં ને વિશ્વાસ શા ? આપ્યું હશે કંઇ વચન, ભીડ પડી હશે ત્યારે, એને તે કોણ આજે પાળવા બેઠું છે ? ’ આવું ચોખ્ખું ને ચટ બોલી દેનાર માણસનું સીધાપણું પણ સમજી શકાય. પણ જ્યાં બધી દુનિયા કહે છે કે ‘ તેં ત્હારાં વચન તોડ્યાં છે. ’ ત્યાં ‘ ના, મ્હેં તોડ્યાંજ નથી ’ એમ કહેનારની પ્રમાણિકતાને શું નામ આપવું ?

વડા પ્રધાનને છોડી હવે બાકીના પ્રધાનમંડળને તપાસીએ. વિન્સ્ટન ચર્ચિલમાં, લૉર્ડ કર્ઝનમાં, બાલ્ફરમાં કોનામાં આપણને શ્રદ્ધા રહી

છે ? પ્રધાનમંડળમાંનો એક પણ માણસ આપણો વિશ્વાસપાત્ર રહેલો બતાવી શકશો ? ('એક પણ નહિ' ના અવાજો.) પ્લૅટફૉર્મ ઉપરના એક ભાઈ [illegible] મિલ્નરનું નામ સૂચવે છે ! (હસાહસ ભરી તાળીઓ,) બીજા ભાઈ મિ૰ મૉન્ટેગ્યુનું નામ કહે છે ! ('ના' 'ના'ના અવાજો) (એક અવાજ: જનરલ ડાયર શા વાસ્તે નહિ ?) ટૂંકમાં, કોઈજ બ્રિટિશ પ્રધાનના શબ્દમાં [illegible] હિંદનો વિશ્વાસ કરવો વ્યર્થ છે. અમારી મરજી અમારી ખુશીથી સ્વેચ્છાપૂર્વક બ્રિટનની જોડે નાતો મેળવવાની વિરુદ્ધ અમે આજે પણ નથી. એ વાતનો નિર્ણય કોઈના દબાણથી કે જોરજુલમથી નહિ પણ અમારાં પોતાના હિતાહિત જોઈને વખત આવશે ત્યારે અમે જાતે કરી લેશું. – બાકી તો આપણા મનની વાત તો ચોખ્ખા ખુલ્લા શબ્દોમાં કહી દઉં તો આઝાદી એ જ આપણો ધ્યેય છે, (સાંભળો, સાંભળો.) અહીં સામ્રાજ્ય અને 'પ્રજાસંઘ' (કૉમનવેલ્થ) આ બે શબ્દો વચ્ચેની ચાલાકીની પણ હું તમને વાત કરી લઉં. બ્રિટિશ પ્રજાસંઘ જેવી વસ્તુ છે ખરી ? ('ના' 'ના'ના પોકારો) (મિ. હૉલફર્ડનાઈટ:– હજુ નથી.') ત્યારે કયા બ્રિટિશ પ્રજાસંઘમાં આપણે રહેવાનું છે ? (એક અવાજ : 'સ્વપ્ન સૃષ્ટિમાં') અને બ્રિટિશ સામ્રાજ્ય કહેતા હો તો તો હું કહીશ કે કરોડો મનુષ્યોને ગુલામ બનાવનાર સામ્રાજ્યના (શરમના પોકાર) ભાગીદાર બનીને રહેવા કરતાં હું જાતે ગુલામ રહેવું બહેતર સમજું છું. એવા સામ્રાજ્યના અધિકાર કે જવાબદારી કશુંજ મ્હને ન ખપે. મ્હારા ઘણા માનવંતા–પૂજનીય મિત્રો પડેલા છે–અત્યારે તેઓ અહીં નથી–જેઓ આ સામ્રાજ્યના ભાવિ ભાગીદારપણાનો દાવો કરવામાં ભારે અભિમાન માને છે. જે સામ્રાજ્ય લાખો કરોડો મનુષ્યોની સ્વાધીનતા ખૂંચવી લઈને તેમનાં લોહી ઉપર ચણાએલું છે એ ગોઝારા સામ્રાજ્યના તેઓ ભલે ભાગીદાર થાય; મ્હને એવું સામ્રાજ્ય ન જોઈએ. કેટલાકના મનને તો આવા સામ્રાજ્યના નાગરિક બનવું એજ ધન્ય ઘડી 'ધન્ય ભાગ્ય' છે. હવે ભૂલે તો એ સામ્રાજ્ય મ્હને નાગરિકના હક્કો બક્ષવાનેજ આજે ઈન્કાર કરી રહ્યું છે, પણ તે બક્ષવાને તૈયાર થાય તોપણ હું તો એવા સામ્રાજ્યનો નાગરિક બનવામાં અભિમાન નહિ પણ શરમજ સમજું. કેટલાક મિત્રોનું કહેવું છે કે આ ઠરાવમાંનો 'સ્વરાજ્ય' શબ્દ મોઘમ છે–સ્પષ્ટ નથી. જો તેઓ એમ કહેવા માગતા હોય કે એકલા સ્વરાજ્ય શબ્દના, 'બ્રિટિશ સામ્રાજ્યની અંદરનું' તેમજ 'બ્રિટિશ સામ્રાજ્ય વગરનું' એવા બન્ને અર્થ કરી શકાય છે તો હું કહીશ કે તેમનું કહેવું બરાબર છે. ઈરાદાપૂર્વકજ એ શબ્દ એ રીતે

વાપરવામાં આવ્યો છે કે જેથી આપણું ભાવિ બ્રિટિશ પ્રજાસંઘમાં રહેવા માગીએ તો રહી શકીએ અથવા મરજી પડે ત્યારે ત્હેનો ત્યાગ કરી શકીએ.

સાધનોની ચર્ચા

આ તો ઠરાવના હેતુને લગતોજ ભાગ થયો. હિંદી પ્રજાએ એ સ્વરાજ્ય કયે રસ્તે, કયાં સાધનોથી મેળવવું એ ઠરાવના પાછલા ભાગમાં સૂચવેલું છે. અહીંયાં બેઠેલા કેટલાક મિત્રોનું કહેવું એમ છે કે એ સાધનોનો ઉલ્લેખ કરવો છોડી દઇએ તો કશું નુકસાન નથી. મ્હને લાગે છે કે એ બરોબર નથી. કોઈ પણ જુલમી અને આપખુદ સરકાર સામે સશસ્ત્ર બંડ કરવાનો દરેક પ્રજાનો જન્મસિદ્ધ હક્ક છે એમ માનનારો હું છું. (સાંભળો, સાંભળો.) પણ હું નથી માનતો કે અત્યારે એવું બંડ કે બળવો કરવાની સામગ્રી કે ઇચ્છા આપણામાં હોય—ભવિષ્યની વાત હું નહિ કરૂં, પણ આપણે આ બાબત અંધારામાં કે ગેરસમજમાં નજ રહેવું ઘટે. આ મહાસભાના આગેવાનો આપણા હેતુની સિદ્ધિમાં શરીરબળ કે શસ્ત્રનો પ્રયોગ નથી સૂચવતા. અને અત્યારે જ્યારે પ્રજાનું દિલ જખમી છે, આપણાં અંતર ઉશ્કેરાયલાં છે, પ્રજામાં અંગ્રેજ સરકારનાં કૃત્યો સામે કડવાશનો પાર નથી, તેવે વખતે પ્રજાના મન ઉપર આ બાબત જેટલી સ્પષ્ટ રીતે અને જેટલા ભારપૂર્વક ઠસાવી શકાય તેટલી ઠસાવવાની અગત્ય છે. કોઈ પણ જાતની ઉશ્કેરણી, ગુસ્સો કે જુસ્સાને આપણે વખોડીએ છીએ છતાં અત્યારે પ્રજામાં ધુંધવાઈ રહેલા જોશને હાથ રાખવાનું કામ કોઇ પણ વ્યક્તિને માટે ઘણું કઠણ છે એ આપણે જોવું જોઇએ. આમ છતાં હું એ પણ કહીશ કે અત્યાર સુધીમાં પ્રજાએ જે સંયમ બતાવ્યો છે તે કંઇ ન્હાનો સૂનો ન કહેવાય. મ્હારા પોતાના પ્રાંત વિષે તો કહીશ કે થોડા રડ્યાખડ્યા ન્હાના સૂના અપવાદો બાદ કરતાં છેલ્લા એક વરસથી ગંભીરમાં ગંભીર ઉશ્કેરણી વચ્ચે પણ પંજાબે અસાધારણ સંયમ બતાવ્યો છે અને શાંતિ જાળવી છે; આ ન્હાનીસૂની વાત ન કહેવાય. અને ભવિષ્યમાં પણ, હું કહી લઉં કે, જો કદાચ કોઇ દિવસ પંજાબમાં ફરી ખૂનામરકી થશે તો તેને માટે અમે નહિ, પણ સરકારજ જોખમદાર છે. હું નોકરશાહીને ચેતાવું છું કે જો તેઓ દમાણ અને જૂલમની—નાહકના નિરર્થક જૂલમની—નીતિ હજુ ચાલૂ રાખશે તો અમે નહિ પણ તેઓજ પરિણામોને માટે જવાબદાર રહેશે. પંજાબનો આવો ખાસ ઉલ્લેખ કરવાની મ્હને એટલા માટે જરૂર પડે છે કે જો કે આખા દેશમાં આજકાલ એકજ જાતની ભાષા બોલાય છે. એકજ જાતનાં ભાષણો થાય છે, સરખીજ લાગણીઓ દર્શાવવામાં આવે છે અને સરખાજ બનાવો બને છે; છતાં

પંજાબમાંજ સભાબંધીનો કાયદો લાગૂ પાડવાનું મુનાસબ ગણવામાં આવે છે. પંજાબના ચાલૂ અધિકારીઓ પર કશો અંગત આક્ષેપ કરવાનો મ્હારો આશય નથી. હું એટલુંજ કહેવા માગું છું કે આખા બ્રિટીશ હિંદુસ્તાનમાં પંજાબના જેટલી બેઅક્કલ, એટલી ગેરમુનસફી સરકાર બીજી એકે નથી. (એક અવાજ: 'અને દિલ્હીની !') હા, પણ હમણાં એ દિલ્હી પંજાબમાં જ છે. અમે અમારા ભાઈઓની, દેશના આગેવાનોની, મહિલાઓની મદદથી શાંતિ જાળવવા અને શાંતિપૂર્વક કાર્ય કરતા રહી. શાંતિભંગનું કશુંજ કારણ ન આપવા અમારા પ્રયત્નોની કમાલ કર્યા વગર રહીશું નહિ પરંતુ મ્હારે કહેવુંજ જોઈએ કે બ્રિટીશ નોકરશાહી હઠપૂર્વક પોતાની નીતિને વળગી રહી એક પછી એક ઉપરાછાપરી ભૂલો—તદ્દન અક્કલગરની, હાથીઘોડા જેવડી ભૂલો—કર્યેજ જશે, તો શાંતિભંગ ના થશે તે જોવાને અમે અશક્ત છીએ. તેઓ કહે છે કે દબાણની નીતિ વગર પંજાબમાં ચાલે તેવું નથી. કારણ કે આખો પ્રાંત બંદૂકના દારૂગોળા જેવો છે. હું પૂછું છું કે પ્રાંતનો એવો દારૂ કોણે બનાવ્યો? (એક અવાજ: જનરલ ડાયરે) નોકરશાહીજ એને માટે સર્વાંશે જોખમદાર છે. નોકરશાહીના આ આક્ષેપો એનાજ મ્હોંપર અમે જેમના તેમ પાછા ફેંકીએ છીએ. આ બધાં કારણોની ખાતરજ હું તમારા મન ઉપર ઠસાવવા માગું છું કે ઠરાવમાં મહાત્મા ગાંધીજીએ મૂકેલા 'શાંતિનાં અને ન્યાયસાધનો વડેજ' એ શબ્દોને વળગી રહીનેજ આ ઠરાવ પસાર કરવાની આપણને કેવી અગત્ય છે.

મ્હારે એકજ વાત કહી દેવી રહી છે. આપણો માર્ગ લાંબો અને કઠણ હશે, આપણું ધ્યેય દૂર હશે—જોકે મ્હને તો એ નજીકમાંજ છે એવી પ્રતીતિ થાય છે—પણ એકત્રીસ કરોડ હિંદી પ્રજાને માટે આ સંસારમાં અશક્ય એવું કશુંજ નથી આપણે બધા સ્વદેશ પ્રત્યેનો આપણો ધર્મ નિર્ભયતાથી, શૂરાઓને શોભે તેવી રીતે અને નિષ્કામ ભક્તિભાવપૂર્વક બજાવ્યે જવાના નિશ્ચયવાળા રહીએ એટલે બસ. આપણે જે મેળવવા મથીએ છીએ તે આપણને મળશે એ વિષે તો કશી શંકા છેજ નહિ. એવા આ પ્રયત્નમાં કોઈ અંગ્રેજ મિત્ર કે બ્રિટિશ પ્રજામાંનો કોઈ પક્ષ અગર બ્રિટિશ પ્રજા પોતે મદદગાર થશે તો એમાં એમને જશ છે. (સાંભળો સાંભળો) એવાઓની જોડે ખરા દિલથી સહકાર કરવાને આપણે સ્વતંત્ર છીએ; એવો સહકાર કરવા આપણે ખરા અંતઃકરણથી ઉત્સુક છીએ. પણ હું તમને એટલુંજ કહી દઉં છું કે વ્યક્તિ તરીકે કોઈ અંગ્રેજ સદ્ગૃહસ્થના શબ્દમાં આપણે ગમે તેટલો વિશ્વાસ મૂકીએ પરંતુ કોઈ પણ બ્રિટિશ રાજદ્વારીના શબ્દમાં હિંદુસ્તાન હવે કશો વિશ્વાસ રાખી શકશે નહિ. (તાળીઓ.)"

અસહકારનો ઠરાવ—

નાગપુરની મહાસભામાં પસાર થએલો અસહકારનો ઠરાવ નીચે પ્રમાણે છેઃ—

" આ મહાસભાના અભિપ્રાય પ્રમાણે હાલની હિન્દુસ્થાનની સરકાર ઉપરથી દેશનો વિશ્વાસ ઉઠી ગયો છે, અને

હિંદુસ્થાનની પ્રજાએ હવે સ્વરાજ્ય સ્થાપવાનો નિશ્ચય કર્યો છે; અને

આ સભાની છેલ્લી ખાસ બેઠક પહેલા હિંદુસ્થાનની પ્રજાએ યોજેલા સઘળા ઉપાયો, તેનાં ઘણાં ગંભીર દુઃખો, અને ખાસ કરીને પંજાબ તથા ખીલાફતના સંબંધમાં થએલા અન્યાયો રદ કરાવવામાં નિષ્ફળ નિવડયા છે,

તેથી હવે આ સભા કલકત્તામાં મળેલી સભાની ખાસ બેઠકમાં પસાર થએલો શાંતિમય અસહકારનો ઠરાવ કાયમ રાખે છે અને જાહેર કરે છે કે હાલની સરકાર સાથે રાજીખુશીથી કરવામાં આવતા સહકારના ત્યાગથી માંડીને છવટ કર આપવાની ના પાડવાનો શાંતિમય અસહકારનો આખો ક્રમ કે તેના કોઇ એક કે વધાર ભાગને સભા કે સભાની સમિતિ નક્કી કરે તે વખતે અમલમાં મુકવો અને તે દરમીયાન તે માટે દેશને તૈયાર કરવાના હેતુથી (નીચેના) કાર્યસાધક પગલા લેવાનુ ચાલુ રહેવું જોઇએઃ—

રાષ્ટ્રીય શિક્ષણ

(૧) સરકારી, સરકારની મદદ મેળવતી કે કોઇ પણ રીતે સરકારના અંકુશ નીચેની નિશાળોમાંથી સોળ વરસની અંદરના છોકરાંઓને ઉઠાડી લેવા માટે વિશેષ પ્રયત્ન કરવા, એ છોકરાઓના માબાપને તથા વાલીઓને (છોકરાઓને નહિ) આ સભા આગ્રહ કરે છે અને તે સાથે એ છોકરાંઓને રાષ્ટ્રીય શાળાઓમાં અને તેને અભાવે બની શકે તેવી બીજી રીતે શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવાને પણ તેમને સૂચવે છે.

(૨) જે રાજ્યતંત્રનો પ્રજાએ અંત આણવાની પ્રતિજ્ઞા લીધી છે તે રાજ્યતંત્રની સત્તા નીચેની સંસ્થાઓમાં ભણવુ એ પોતાના અંતરાત્માના અવાજથી વિરૂદ્ધ છે એમ સોળ વર્ષના કે તેથી વધારે વયના વિદ્યાર્થીઓને લાગે તો તેઓને સરકારની મદદ મેળવતી કે કોઇપણ રીતે

સરકારના અંકુશ નીચેની સંસ્થાઓમાંથી, પરિણામની દરકાર કર્યા વિના વગર વિલંબે નીકળી જવાની અને રાષ્ટ્રીય સંસ્થામાં જોડાઇ પોતાનો અભ્યાસ ચાલુ રાખવા કે અસહકારની ચળવળ માટેના કોઇ ખાસ કાર્ય માટે પોતાની સેવા અર્પણ કરવા સલાહ આપે છે.

(૩) સરકાર સાથે સંબંધ ધરાવતી કે સરકારની મદદ મેળવતી શાળાઓના શિક્ષકો, કાર્યવાહકો તથા ટ્રસ્ટીયો તેમજ મ્યુનીસીપાલીટી અને લોકલ બોર્ડને એ શાળાઓને રાષ્ટ્રીય બનાવવામાં મદદ કરવા માટે આગ્રહ કરે છે.

અદાલતોનો બહિષ્કાર

(૪) વકીલોને તેમનો ધંધો બંધ રાખવા માટે વિશેષ પ્રયત્ન કરવા તથા બીજા વકીલો તથા અસીલો મારફતે ન્યાયની અદાલતના બહિષ્કારનાં તેમજ ખાનગી લવાદોથી કજીયાઓના ચુકાદા કરાવવાનાં અને બીજાં દેશહિતનાં કાર્ય તરફ ધ્યાન આપવા આ સભા આગ્રહ કરે છે.

વિદેશી માલનો બહિષ્કાર

(૫) આર્થિક બાબતમાં હિંદુસ્થાનને સ્વતંત્ર તથા સ્વાશ્રયી બનાવવાના હેતુથી પરદેશી વેપારને લગતા સબંધનો ક્રમે ક્રમે બહિષ્કાર કરવા તથા હાથે કાંતવા તથા વણવાના ઉદ્યોગને ઉત્તેજન આપવા વેપારીઓને આ સભા આગ્રહ કરે છે અને તે માટે આ સભાની મહાસમિતિને એ બાબતમાં અનુભવ ધરાવતા માણસોની સમિતિ નીમવા તથા આર્થિક બહિષ્કારની યોજના તૈયાર કરાવવા ભલામણ કરે છે.

આત્મભોગનો આગ્રહ

(૬) અને સાધારણ રીતે અસહકારની ફતેહ માટે આત્મભોગ અત્યંત જરૂરનો છે, તેથી આ દેશના દરેક ધંધાના દરેક સ્ત્રી–પુરૂષને આ રાષ્ટ્રીય ચળવળ માટે પોતાથી બને તેટલો વધારેમાં વધારે આત્મભોગનો ફાળો આપવા આગ્રહ કરે છે.

રાષ્ટ્રીય સ્વયંસેવકો

(૭) અસહકારની પ્રગતિ વધારે ઝડપથી કરવા માટે દરેક પ્રાંતના મુખ્ય શહેરમાં મથક રાખી ગામેગામ મંડળો નીમવા આ સભા ભલામણ કરે છે.

(૮) રાષ્ટ્રીય સેવક મંડળના નામથી દેશના કાર્ય માટે રાષ્ટ્રીય સેવકોની સંસ્થા સ્થાપવા આ સભા ભલામણ કરે છે.

(૯) ઉપર જણાવેલા રાષ્ટ્રીય સેવક મંડળના નિભાવ માટે તેમજ સાધારણ રીતે અસહકારની ચળવળને માટે એક રાષ્ટ્રીય ફંડ ઉભું કરવા જરૂરી પગલાં લેવાં અને તેને "સમસ્ત હિંદ તિલક સ્મારક સ્વરાજ્ય ફંડ" નામ આપવા, આ સભા ભલામણ કરે છે.

ધારાસભાના સભાસદો પ્રત્યે

અસહકારની યોજનાને અંગે અને ખાસ કરીને મતદારોએ કરેલા ધારાસભાના બહિષ્કારને અંગે થયેલાં કાર્યને માટે આ સભા પ્રજાને ધન્યવાદ આપે છે અને જે સંજોગોમાં નવી ધારાસભાઓ સ્થાપવામાં આવી છે તે જોતાં તેઓ પ્રજાના સાચા પ્રતિનિધિરૂપ નથી એવો આ સભા દાવો કરે છે. અને ઉમેદ રાખે છે કે પોતાના મતદારોના ઘણા મોટા ભાગે મત નહી આપેલો હોવા છતાં જેઓએ ચુંટાવાનું પસંદ કર્યું છે તેઓ ધારાસભામાંથી રાજીનામુ આપવાનું યોગ્ય ધારશે અને જો તેઓ લોકશાસનના સિદ્ધાંત વિરૂદ્ધ તેમના મતદારોની જાહેર ઇચ્છાને ન ગણકારીને ધારાસભામાં રહેશે તો મતદારો એવા ધારાસભાના સભાસદો પાસેથી કોઇપણ જાતની રાજકીય સેવા ન લે એવી આ સભા ભલામણ કરે છે.

પોલીસ તથા લશ્કરી નોકરો પ્રત્યે

પ્રજા અને પોલીસ તથા લશ્કરના વચ્ચે મિત્રાચારી વધતી જાય છે એની આ સભા નોંધ લે છે. અને આ સભાને આશા છે કે પોલીસ તેમ જ લશ્કર તેમના અમલદારોના હુકમનો અમલ કરતાં, પોતાના ધર્મ તથા દેશને ગૌણપદ નહી આપે તથા પ્રજાના વિચાર તથા ભાવ માટે તેમને કશી જ દરકાર નથી એવો તેમની સામે જે આક્ષેપ અત્યારસુધી મૂકાયો છે તે, પ્રજા તરફ માયા અને વિનયથી વર્તીને દૂર કરશે.

સરકારી તમામ નોકરો પ્રત્યે

અને પ્રજા સરકારી નોકરોને રાજીનામુ આપવા ફરમાવે તે દરમીયાન પ્રજા સાથેના તેમના વ્યવહારમાં વધારે માયા તથા પ્રમાણિકતા દાખવીને, તથા જાહેર સભાઓમાં જાતે ભાગ લીધા વગર પણ નિર્ભયપણે અને ખુલ્લી રીતે હાજરી આપીને, તેમજ ખાસ કરીને રાષ્ટ્રીય ચળવળ માટે ઉઘાડી રીતે નાણાં આપીને દેશના કાર્યમાં મદદ કરવા આ સભા તેમને આગ્રહ કરે છે.

અહિંસા

શાંતિ (અહિંસા) એ અસહકારના ઠરાવનું આવશ્યક તત્ત્વ છે. તેથી આ સભા તે ઉપર ખાસ ભાર મૂકે છે તથા સરકાર સાથેના વ્યવહારની માફક પ્રજાના આંતરિક વ્યવહારમાં પણ શાંતિ જાળવવી અત્યંત આવશ્યક છે એ વાત ખાસ ધ્યાનમાં લેવા પ્રજાને વિનતી કરે છે. વળી આ સભાનો એવો અભિપ્રાય છે કે હિંસાવૃત્તિ પ્રજાશાસનના શુદ્ધભાવથી

વિરૂદ્ધ છે એટલુંજ નહિ પણ અસહકારના ક્રમના બીજા પગલાંઓનો (જો તેની જરૂર પડે તો) અમલ કરવામાં તેથી વિલંબ થાય છે.

પ્રજાનો આંતરિક સહકાર

અંતમાં ખિલાફત અને પંજાબના અન્યાયો દૂર થાય અને એક વરસમાં સ્વરાજ્ય સ્થપાય તે માટે આ સભા સાથે સંબંધ ધરાવતી તેમજ બીજી જાહેર સંસ્થાઓને સરકાર સાથે અસહકારના તથા અહિંસાની પ્રવૃત્તિ ઉપરજ પુરેપુરૂ ધ્યાન આપવા આગ્રહ કરે છે; અને અસહકારની ચળવળની ફત્તેહનો આધાર પ્રજા વચ્ચેના સંપૂર્ણ સહકાર ઉપર રહેલો છે તે જોતાં, આ સભા જાહેર સભાઓને હિંદુ-મુસલમાન વચ્ચે ઐક્ય પોષવાને આગ્રહ કરે છે; અને આ સભાના હિંદુ પ્રતિનિધિઓ બ્રાહ્મણ-અબ્રાહ્મણ વચ્ચેના બધા ઝગડાઓનો અંત આણવા તથા હિંદુ ધર્મ ઉપરના અસ્પૃશ્યતાના કલંકને દૂર કરવા માટે હિંદુ નેતાઓને ખાસ પ્રયાસ કરવા ફરમાવે છે, તેમજ હિન્દુ ધર્માચાર્યોને માનપૂર્વક આગ્રહ કરે છે કે અંત્યજવર્ગ તરફના વર્તનના સંબંધમાં હિંદુ સમાજમાં સુધારો કરવા માટેના હિંદુઓની વધતી જતી ઈચ્છાને તેઓ ઉત્તેજન આપે."

ઉપરનો ઠરાવ રજુ કરતાં બંગાળાના અગ્રગણ્ય આગેવાન શ્રી સી. આર. દાસે જણાવ્યું કે 'આ વખતનો ઠરાવ કલકત્તાના ઠરાવ કરતાં કોઈ રીતે મોળો નથી. આજનો આ ઠરાવ કલકત્તાના ઠરાવ કરતાં વધારે વિગતવાર, વધારે સંગીન અને વધારે ચોક્કસ સ્વરૂપનો છે. આ ઠરાવ પસાર કરવાથી અસહકારની બાબતમાં પ્રજા પોતાને આગળ ગએલી જ સિદ્ધ કરશે. બ્રીટીશ સરકાર હિંદીઓના હાથથી જ હિંદનું રાજતંત્ર ચલાવી રહી છે. જે ઘડીએ હિંદીઓ તે તંત્ર ચલાવવું છોડી દેશે તે જ ઘડીએ સરકારનું નાવ અટકી પડશે. આ ઠરાવને આપણે એક પણ વિરૂદ્ધ મત પડયા વગર પસાર કરવા જોઈએ. પ્રજાને જાણવા દ્યો કે સ્વતંત્રતાના જન્મસિદ્ધ હક્ક ભોગવવાનો પ્રજા જ્યારે સંકલ્પ કરે છે ત્યારે નોકરશાહી કે દુનીયામાંની કોઈ પણ શાહી તે સામે ટકી શકતી નથી."

*

સુધારો

મૌલાના હઝરત મોહાની સાહેબે પોતાનો સુધારો રજુ કરતાં કહ્યું કે " આ ઠરાવ જોઈએ તેવો મજબુત નથી. કલકત્તામાં આપણે જે ઠરાવ કર્યો તેનાથી આપણે પાછા કેમ આવીએ ? ૧૬ વરસ નીચેના વિદ્યાર્થીઓને શાળા છોડવા ન કહેવું એનો અર્થ એજ થશે કે આપણે આપણા કાર્યક્રમમાંથી શાળાઓને બાદ કરીએ છીએ.

વળી આત્માની સાક્ષીનો સવાલ તાલીમની બાબતમાં શામાટે દાખલ કરો છો ? તાલીમમાં દાખલ કરો તો પછી 'અહિંસાત્મક'ના સબંધમાં પણ આત્માની સાક્ષી કેમ નથી લાવતા ? આનો અર્થ મારા મત પ્રમાણે એજ થશે કે આપણા પ્રથમના ઠરાવનો અમલ કરવાની આપણામાં તાકાત નથી."

મૌલાના આઝાદ સોબાનીએ સુધારાને ટેકો આપ્યો.

ગાંધીજીનો જવાબ

(પહેલા સુધારા વિષે જવાબ વાળતા મહાત્મા ગાંધીજીએ નીચે પ્રમાણે જણાવ્યું —

' [illegible] વિચાર કર્યો [illegible] હિંદુસ્તાનમાં [illegible] ભાગ્યશાળી [illegible] જાય છે. તેમનું હિત [illegible] છતાં શાળાની બાબતમાં [illegible] નહિ લાગ્યા.

મૌલાના સાહેબ પૂછે છે કે 'તમે વિદ્યાર્થીઓ વિષે જે આત્મસાક્ષીની બારી [illegible] ગાંધીજી માબાપોમાં પણ તેવી બારી કેમ નથી રાખતા ?' દરેકને માટે આત્માની સાક્ષી એ આખરી રસ્તો તો છેજ. કોન્ગ્રેસનો ઠરાવ કોઇની "આત્મસાક્ષી"ની આડે આવી શકે નહીં. એનો એમ અર્થ કરવો એ ખોટું છે. કોંગ્રેસના ઠરાવને એ રીતે બંધનકારક ગણવાનો મેં કદિ આગ્રહ નથી બતાવ્યો. હજરત મૌલાના સાહેબ વિદ્યાર્થીઓના બાબતમાં મુકેલા ૧૬ વરસની વયની મર્યાદાની સાથે છે. હું કહીશ કે સોળ વરસની અંદરનો કોઇ વિદ્યાર્થી શાળા છોડવાનો નિશ્ચયી હશે તો આ દુનિઆમાં તેને કોણ અટકાવી શકનાર છે ? અમને એમ લાગે છે કે નાનાં છોકરાંઓ પાસે પણ આપણે જઈ શકીએ છીએ. બીજા કહે છે કે "ન જઇ શકાય, તેમણે કઈ શાળામાં ભણવું તે ઠરાવનાર તેમના વાલી મોજુદ છે." આ પ્રમાણે આપણી સામે બે પક્ષો આવી પડ્યા છે. આપણે કહી શકીએ કે શેતાનની મદ્રેસામાં જઇને તમે નાપાક થશો, પણ વાલી જો વિરુદ્ધ હોય તો તેમને ઠીક લાગે તેમ કરે. કોઇ ખુદાઈનો દાવો કરી ન શકે.

"આત્મસાક્ષી"ને માન ન આપતાં કોન્ગ્રેસની આજ્ઞાને માથે ચડાવવાની સૂચનાને હું મળતો નથી થઇ શકતો. મ્હારા પોતાના આત્માના

અવાજ વિરૂદ્ધ હું કૉન્ગ્રેસની ભલામણ થએલી જોઉં તો હું શું કરૂં ! અત્યારે તો હજારોની મેદનીએ કરેલી આજ્ઞાની વિરૂદ્ધ જઇને પણ મ્હારા 'અંતરના અવાજ'ને માન આપવું રહ્યું. આથી જ મેં અલીગઢ અને કાશીના વિદ્યાર્થીઓને "આત્મસાક્ષી'ની પવિત્રતા ફરી ફરીને સમજાવેલી. આજ સુધી હું એજ ચીજ કહેતો આવ્યો છું. જે ચીજ મે રોજ કહેતો છું, જેને બધાએ કબૂલ રાખી છે તે જ ચીજ આ ઠરાવની અંદર લખવાથી જો આપણે બધા ગઢે રહી શકીએ એવું મૌ. લાલાજી અને મૌ. દાસને લાગતું હોય, અને એટલું જાણ્યાં છતાં હું તેવી ચીજ ઠરાવમાં દાખલ ન કરૂં તો તે મારી આપખુદી કહેવાય.

તમને કંઇ ઝીણી ખુબીઓમાં વાંધો લાગતો હોય તો તે ખુબીઓ ભલે તમે, જે થોડા સમજનારા છે તેમને સમજાવો, ભરી સભાને તમે એવી ખુબીઓ ન સમજાવી શકો. તમને ધર્મવિરૂદ્ધ લાગતું હોય તો તમે બહાર જઇને ખુશીથી આંદોલન કરો. નાની નાની વાતોમાં આપણે એમ બોલતા ન રહેવું જોઇએ કે "આપણામાં ભંગાણ પડશે." મને બધા આવીને કહે કે હિંદુ મુસલમાન સાથે નહિ રહી શકે, તો પણ હું ના માનવાનોજ કે હિંદુ મુસલમાન હવે છૂટા નથી પડવાના. કોઇ મુસલમાન આવીને મારૂં ગળું કાપી જાય તો પણ હું તો એને મારો ભાઇજ ગણીશ. આપણે બધા એકમત ન થઇ શકીએ, મતભેદ થાય, તો પણ શું કરીએ? શું હું લાલાજી સાથે લડું ? દાસની જોડે લડું ? હું તો એવી આશા રાખી તેમની સાથે સહકાર કરૂં કે કોઇ દિવસ હું તેમને મારા મતના કરી શકીશ, અથવા તો જો તેઓ સાચા હશે તો હું તેમનો બની જઇશ. મૌલાના મોહાનીને હું કહું છું કે તમે બહાર જઇને ભલે ચળવળ કરો. કોંગ્રેસની ખાસ બેઠક પણ ભલે બોલાવો. તાકાત હશે તો તે બની શકશે. તમે કુરાનના કલમા ભલે બતાવો, પણ તેનો અર્થ કરવાનો અધિકાર દરેક જણને છે.

મારૂં ચોક્કસ માનવું છે આપણે કલકત્તા કરતાં આગળ વધીએ છીએ. તેથી તમે સ્પષ્ટતાથી એકદિલ બનીને આ ઠરાવને કબૂલ કરો. કદમ પાછું હઠાય છે એમ ન માનો. જો કોઇને આજે જ કર આપવા ઇચ્છા ન હોય, તો એ બાદ પાંચ વરસનો છોકરો પ્રહ્લાદ બનવા ઇચ્છતો હોય તો કોંગ્રેસ તેને નથી અટકાવી શકતી. સહુએ જાણવું જોઇએ કે કોંગ્રેસ તો બકરાઓની છે, શેરોની નથી. તે કોઇને ગુલામ બનાવી નથી શકતી.